# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : શિતલ વૈશ્નવ

## કોમ્પ્યુટરાઈઝ્ડ : આશિષ શાહ

**તા. ૨૬–૧૧–૨૦૨૪ સમય : સાંજે ૬.૨૫**

---

## પ્રધાનમંત્રી – બંધારણ દિવસની ઉજવણી :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય બંધારણની 75મી વર્ષગાંઠ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું , 'બંધારણ દેશનું માર્ગદર્શક છે. આજે દેશ પોતાની સંપૂર્ણ ક્ષમતા સાથે આગળ વધતા પોતાની વિવિધતા પર ગર્વ કરી રહ્યો છે. ' શ્રી મોદીએ ભારતીય સંવિધાનને દેશની હજારો વર્ષોની પરંપરાની આધુનિક અભિવ્યક્તિ પણ ગણાવી હતી.

તો રાજ્યભરમાં પણ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ગાંધીનગરનાં વિસ્ટા ગાર્ડન ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ , ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી તથા સામાજીક ન્યાય અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા , મંત્રીઓ કુંવરજી બાવળિયા , રાઘવજી પટેલ અને અગ્રણીઓએ બંધારણ દિવસની ઉજવણી પર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

**રીજીયોનલ**

---

## કૃષિ તથા ખેડુત કલ્યાણમંત્રી – લીંગ આધારિત હિંસા :

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ તથા કૃષિ તથા ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે નવી દિલ્હીના રંગ ભવન ઓડિટોરિયમમાં લિંગ આધારિત હિંસા વિરુદ્ધ રાષ્ટ્રીય અભિયાન નયી ચેતના – પહેલ બદલાવ કીના ત્રીજા સંસ્કરણનો શુભારંભ કરાવ્યો હતો . પોતાનું સંબોધન કરતાં શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે , સરકારે મહિલાઓના આર્થિક અને સામાજિક વિકાસ માટે અનેક પહેલો હાથ ધરી

છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લિંગ-આધારિત હિંસા એ ગ્રામીણ વિસ્તારોમાં નહીં, પરંતુ શહેરી વિસ્તારોમાં પણ ચાલુ રહેલો મુદ્દો છે . તેમણે કહ્યું હતું કે , કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીની હાજરીથી અમે એ સુનિશ્ચિત કરીશું કે અમારા સમન્વયનાં પ્રયાસો મારફતે દરેક મહિલા ગૌરવ, આદર અને આત્મવિશ્વાસનું જીવન જીવે.

**રીજીયોનલ**

———————————————————————————————————————

## રાષ્ટ્રીય દુધ દિવસ :

**ભારત આગામી 10 વર્ષમાં વિશ્વમાં ઉત્પાદિત કુલ દૂધમાંથી ત્રીજા ભાગનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય ધરાવે છે. રાષ્ટ્રીય દૂધ દિવસ નિમિત્તે આકાશવાણી સાથે ખાસ વાત કરતા , અમૂલ બ્રાન્ડ તરીકે પ્રખ્યાત ગુજરાત કો -ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ જણાવ્યું કે અમૂલ ફેડરેશન આ લક્ષ્યને હાંસલ કરવા મોટી ભૂમિકા ભજવવાનું લક્ષ્ય ધરાવે છે અને સંયુક્ત રાજ્ય અમેરિકા -યુએસએ પછી અમૂલ યુરોપમાં તેની હાજરી સ્થાપિત કરવા તૈયાર છે.**

**શ્રી મહેતાએ આગામી વર્ષોમાં 2 લાખથી વધુ ગામડાઓમાં ડેરી સહકારી સ્થાપવાની ખાતરી કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લક્ષ્યની પણ પ્રશંસા કરી હતી.**

**રીજીયોનલ**

———————————————————————————————————————

## MYSY સહાય :

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના ( MYSY) અંતર્ગત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષમાં કુલ બે લાખ 39 હજાર વિદ્યાર્થીઓને એક હજાર 185 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. વિદ્યાર્થીઓને આર્થિક સહાય મળી રહે તે માટે ૧૦ હજારથી બે લાખ 20 હજાર રૂપિયા સુધીની સહાય લાભાર્થીઓના બેંક ખાતામાં DBTના માધ્યમથી આપવામાં છે.

આ યોજનામાં કૃષિ , આયુર્વેદ, ઉચ્ચ શિક્ષણ , મેડિકલ શિક્ષણ , નર્સિંગ, ટેકનીકલ ડીગ્રી, ડીપ્લોમાં તેમજ વેટરનરી પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

**રીજીયોનલ**

---

## ગુજરાત પોલીસ દવારા પોકસો :

ગુજરાત પોલીસ દ્વારા પોકસો ગુનામાં પ્રશંસનીય કામગીરી કરવા બદલ મહિલા પોલીસ સહિત 1345 અધિકારી પોલીસ કર્મચારીઓને 12 લાખ 64 હજાર 630 રૂપિયાનું રોકડ રકમ આપી સન્માનિત કરાયા છે.

ઉલ્લેખ નીય છે કે ગુજરાત પોલીસ બાળકો અને સગીર દીકરીઓની સુરક્ષાને વિશેષ પ્રાથમિકતા આપે છે. રાજ્યમાં બાળકો સામે ગુના આચરનારા લોકો સામે ઝડપી કડક કાર્યવાહી કરી ભોગ બનનાર પરિવારને જલ્દી ન્યાય મળે તે માટે ગુજરાત પોલીસ કાર્ય કરી રહી છે . છેલ્લા 3 વર્ષમાં પોકસો ગુના હેઠળ 609 આરોપીઓને સજા કરવામાં આવી છે.

**રીજીયોનલ**

---

## ભુલકાં મેળાનું આયોજન આઈ સી ડી એસ :

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં આપવામાં આવતા પૂર્વ પ્રાથમિક શિક્ષણને સઘન બનાવવા અને આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકો ના સર્વાંગી વિકાસ માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતી ૨૦૨૦ સંદર્ભે પા પા પગલી પ્રોજેકટ અમલી છે . જે અંતર્ગત જિલ્લા કક્ષાએ ભુલકાં મેળાનું તા.૨૯ નવેમ્બરના ટાઉનહોલ અંજાર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. તેમ આઈ સી ડી એસ ના પ્રોગ્રામ ઓફીસરની યાદીમાં જણાવાયું છે.

**ન્યુઝ પેપર**

---

## ખેડૂત પોર્ટલ :

ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા માટે ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી માટે ૨૬ નવેમ્બરથી ૨ જી ડીસેમ્બર ૨૦૨૪ સુધી પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે. લાભ

મેળવવા  માંગતા  હોય તેવા ખેડૂત મિત્રોને www.ikhedut.gujarat.gov.in પોર્ટલ પર અરજી કરવા. જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

**ન્યુઝ પેપર**

———————————————————————————————————————

———————————————————————————————————————